# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

******************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું- સરકારે મહિલા-નેતૃત્વ વિકાસને રાષ્ટ્રીય પ્રગતિનો પાયો બનાવ્યો છે

**2)** ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન, શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ખોરાક અને પોષણ સંબંધિત પ્રયોગો કરશે

**3)** મિઝોરમમાં, ભૂસ્ખલનથી 5 લોકોના મોત થયા

**4)** દિલ્હી વડી અદાલતે નોકરી માટે જમીન કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર સ્ટે મૂકવાની માગ કરતી લાલુ પ્રસાદ યાદવની અરજી ફગાવી

5) એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025માં, ભારત 24 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં બીજા સ્થાને રહ્યું

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI MP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું- સરકારે મહિલા-નેતૃત્વ વિકાસને રાષ્ટ્રીય પ્રગતિનો પાયો બનાવ્યો છે અને મહિલાઓ દરેક મહત્વની સરકારી પહેલના કેન્દ્રમાં છે. આજે ભોપાલના જાંબુરી મેદાન ખાતે લોકમાતા દેવી અહિલ્યા બાઈની 300મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત મહિલા સશક્તિકરણ મહા સંમેલનને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે પહેલગામમાં થયેલો આતંકવાદી હુમલો ભારતની મહિલા શક્તિ માટે એક પડકાર હતો અને ગુનેગારો માટે મૃત્યુદંડ સાબિત થયો છે.

શ્રી મોદીએ 124 એકરમાં 60 કરોડના ખર્ચે બનેલા દતિયા હવાઈમથક અને અંદાજે 37 કરોડ રૂપિયાના ખર્ચે નવા બનેલા સતના હવાઈમથકનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. તેમણે ઇન્દોરમાં મેટ્રો ટ્રેનના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન પણ કર્યું અને એક હજાર 271 નવા અટલ ગ્રામ સેવા સદન ભવનોના નિર્માણ માટે પ્રથમ હપ્તો પણ રજૂ કર્યો.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ લોકમાતા દેવી અહિલ્યા બાઈને સમર્પિત ટપાલ ટિકિટ અને ૩૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો. તેમણે સંસ્કૃતિ વિભાગ દ્વારા આયોજિત લોકમાતા દેવી અહિલ્યા બાઈના સુશાસન, મહિલા સશક્તિકરણ અને સંસ્કૃતિ પરના પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

# JITENDRA SINGH - ASTRONAUT

કેન્દ્રીય અવકાશ વિભાગના મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે જાહેરાત કરી હતી કે ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન, શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર ખોરાક અને પોષણ સંબંધિત પ્રયોગો કરશે. આ પ્રયોગો આગામી એક્સિઓમ મિશન-4 ના ભાગરૂપે હાથ ધરાશે. એક મીડિયા બ્રીફિંગમાં, ડૉ. સિંહે જણાવ્યું હતું કે આ પ્રયોગ ખાદ્ય સૂક્ષ્મ શેવાળ પર સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ અને અવકાશ કિરણોત્સર્ગની અસરની તપાસ કરશે, જે એક ઉચ્ચ-સંભવિત અને પોષક તત્વોથી ભરપૂર ખોરાક સ્ત્રોત છે. તેમણે કહ્યું કે આ અભ્યાસ મુખ્ય વૃદ્ધિ પરિમાણો અને પૃથ્વીની સ્થિતિની તુલનામાં અવકાશમાં વિવિધ શેવાળ પ્રજાતિઓના ટ્રાન્સક્રિપ્ટોમ્સ, પ્રોટીઓમ્સ અને મેટાબોલોમ્સમાં થતા ફેરફારો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# NADDA-JAIPUR VISIT

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરે સાબિત કરી દીધું છે કે જો કોઈ ભારત તરફ આંખ ઉઘાડશે તો તેનો જવાબ તેના જ ઘરમાં ઘૂસીને આપવામાં આવશે. શ્રી નડ્ડાએ  આજે રાજસ્થાનના જયપુરમાં ભાજપ કાર્યકરોને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યું હતું. ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારતની કાર્યવાહીને કારણે પાકિસ્તાને ચાર દિવસમાં આત્મસમર્પણ કર્યું. તેમણે કહ્યું કે ભારતીય દળોએ 22 મિનિટમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. શ્રી નડ્ડાએ કહ્યું કે આ ભારતીય દળોની તાકાત, તેની બહાદુરી, તેની વિચારસરણી અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની નેતૃત્વ ક્ષમતા દર્શાવે છે. આજે દેશ પીએમ મોદીના નેતૃત્વમાં સુરક્ષિત અનુભવી રહ્યો છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ બંધ થયું નથી, તે ચાલુ રહેશે.

# MISRI - US VISIT

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ વોશિંગ્ટન ડીસીની મુલાકાત દરમિયાન અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય મુલાકાત કરી હતી. આ દરમિયાન, શ્રી મિશ્રીએ યુએસ ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ, ક્રિસ્ટોફર લેન્ડૌ સાથે મુલાકાત કરી હતી, જેમાં બંને પક્ષોના દ્વિપક્ષીય કાર્યસૂચીની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું કે ટેકનોલોજી, વેપાર અને પ્રતિભા 21મી સદીમાં ભારત-અમેરિકા ભાગીદારીને આકાર આપનારા મુખ્ય સ્તંભો હશે. સંરક્ષણ નાયબ સચિવ, સ્ટીવ ફીનબર્ગ અને નીતિ વિભાગના ઉપ સચિવ, એલ્બ્રિજ કોલ્બી સાથેની મુલાકાતોમાં, બંને પક્ષોએ મજબૂત અને ભવિષ્યલક્ષી સંરક્ષણ ભાગીદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# MIZORAM-LANDSLIDE

મિઝોરમમાં, ભૂસ્ખલનથી 5 લોકોના મોત થયા છે. મિઝોરમમાં છેલ્લા 3 દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રાજ્યના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન થયું છે. ચંફાઈ જિલ્લામાં, આજે સવારે ભારત-મ્યાનમાર સરહદ નજીક વાફાઈ ગામમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 3 લોકોના મોત થયા છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, વાફાઈ ગ્રામ પરિષદના પ્રમુખ જોની રેંગખુમાએ જણાવ્યું હતું કે આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં એક જ પરિવારના 2 મહિલાઓ અને એક પુરુષ સહિત 3 લોકોના મોત થયા છે. તેમણે કહ્યું કે ભૂસ્ખલન વિસ્તારમાંથી મૃતદેહો મળી આવ્યા છે.

સેરછિપ જિલ્લામાં ભૂસ્ખલનને કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને અનેક ઘરો ધરાશાયી થયા હતા. અહેવાલમાં જણાવાયું છે કે સેરછિપ-આઈઝોલ વચ્ચેનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ 54 ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ARMY-TECH TRIALS

ભારતીય સેના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ, બાબીના ફિલ્ડ ફાયરિંગ રેન્જ અને જોશીમઠ સહિત દેશભરના મુખ્ય સ્થળોએ આગામી પેઢીની સંરક્ષણ તકનીકોના પરીક્ષણો કરી રહી છે. સંરક્ષણ મંત્રાલયે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ક્ષેત્ર પરીક્ષણો નજીકની લડાઇ પરિસ્થિતિઓમાં હાથ ધરવામાં આવી રહ્યા છે, જેમાં અત્યાધુનિક સંરક્ષણ પ્રણાલીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે ઇલેક્ટ્રોનિક યુદ્ધ સિમ્યુલેશનને એકીકૃત કરવામાં આવી રહ્યા છે. આગ્રા અને ગોપાલપુરમાં હવાઈ સંરક્ષણ સાધનોનું પ્રદર્શન પણ યોજાવાનું છે.

# DELHI HC - LALU YADAV

દિલ્હી વડી અદાલતે રાષ્ટ્રીય જનતા દળ- RJDના અધ્યક્ષ અને ભૂતપૂર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ દ્વારા CBIએ નોંધેલા નોકરી માટે જમીન કૌભાંડ કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર સ્ટે મૂકવાની માગ કરતી અરજીને ફગાવી દીધી છે. આ કેસમાં એવા આરોપો છે કે શ્રી યાદવે 2004 થી 2009 દરમિયાન તેમના કાર્યકાળ દરમિયાન તેમના પરિવાર અથવા સહયોગીઓને ટ્રાન્સફર કરાયેલા જમીનના બદલામાં રેલવે નોકરીઓ આપી હતી. શ્રી યાદવે વડી અદાલતનો સંપર્ક કર્યો હતો અને દલીલ કરી હતી કે ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની કલમ 17A હેઠળ ફરજિયાત પૂર્વ મંજૂરીના અભાવને કારણે CBIની તપાસ અને ત્યારબાદના આરોપો અમાન્ય હતા.

# MANDAVIYA - FIT INDIA

ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલ પહેલની 25મી કડીને આવતીકાલે દેશભરમાં એક વિશેષ તિરંગા રેલી તરીકે ઉજવવામાં આવશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા નવી દિલ્હીમાં આ કડીનું નેતૃત્વ કરશે. ઓલિમ્પિક મેડલ વિજેતા યોગેશ્વર દત્ત, આંતરરાષ્ટ્રીય કુસ્તીબાજ સરિતા મોર, બોલિવૂડ અભિનેતા શર્વરી અને ભૂતપૂર્વ ક્રિકેટર અને પસંદગીકાર સબા કરીમ સહિત રમતગમત અને મનોરંજન ક્ષેત્રની અગ્રણી હસ્તીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

# ASIAN ATHLETICS CH'SHIP

દક્ષિણ કોરિયાના ગુમીમાં યોજાયેલી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025માં, ભારત 24 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં બીજા સ્થાને રહ્યું. ભારતે ચેમ્પિયનશિપમાં આઠ સુવર્ણ, 10 રજત અને છ કાંસ્ય ચંદ્રક જીત્યા. આ ઉપરાંત, અનિમેષ કુજુર અને પારુલ ચૌધરીએ નવા રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યા.

આજે ચેમ્પિયનશિપના છેલ્લા દિવસે, ભારતે 3 રજત અને 3 કાંસ્ય ચંદ્રક જીત્યા. મહિલાઓની 4x100 મીટર રિલે રેસમાં, શ્રાબણી નંદા, અભિનયા રાજરાજન, સ્નેહા એસએસ અને નિત્યા ગાંધેની ભારતીય ટીમે રજત ચંદ્રક જીત્યો. મહિલાઓની 5 હજાર મીટર ફાઇનલમાં, પારુલ ચૌધરીએ રજત ચંદ્રક જીત્યો. જ્યારે સચિન યાદવે પુરુષોની ભાલા ફેંકમાં રજત ચંદ્રક જીત્યો. પૂજાએ મહિલાઓની 800 મીટર ફાઇનલમાં, જ્યારે અનિમેષ કુજુરે 200 મીટર ઇવેન્ટમાં અને વિથ્યા રામરાજે 400 મીટર હર્ડલ્સમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

# SPECIAL FEATURE - PARAM VIR CHAKRA

ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી કરતી વખતે, દેશ ભારતીય સૈનિકોની બહાદુરીને સલામ કરે છે. સશસ્ત્ર દળોને શ્રદ્ધાંજલિ તરીકે, આકાશવાણી ન્યૂઝ એક ખાસ શ્રેણી રજૂ કરી રહ્યું છે. આજે આપણે ભારતના પ્રથમ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતા મેજર સોમનાથ શર્માને યાદ કરીએ છીએ, જેમણે 1947-48 ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. સાંભળીએ એક અહેવાલ..

વોઇસ કાસ્ટ: (V/C-SAKLEN AKHTAR)

# J&K-CHERRY CARGO TRAIN

જમ્મુ અને કાશ્મીરમાં એક ઐતિહાસિક અને અગ્રણી પહેલમાં, ભારતીય રેલવેએ બાગાયતી વિભાગના સહયોગથી, આજે કટરા રેલવે મથકથી મુંબઈ સુધીની સૌપ્રથમ સમર્પિત ચેરી કાર્ગોની અવરજવર શરૂ કરી છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે આ જમ્મુ અને કાશ્મીરના બાગાયતી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને મુખ્ય બજારો સાથે જોડાણ વધારવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

આ પહેલનો ઉદ્દેશ સ્થાનિક બાગાયતીઓને દૂરના બજારોમાં નાશવંત માલસામાનના પરિવહનના વિશ્વસનીય અને કાર્યક્ષમ માધ્યમો પૂરા પાડીને તેમને ટેકો આપવાનો છે. આ અનોખી ભાગીદારી ઝડપથી બગડી શકે તેવી ચીજવસ્તુઓની સમયસર અવરજવરને સરળ બનાવીને કૃષિ અને બાગાયતી સમુદાયોને ટેકો આપવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.